Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-2, September-2019
Impact Factor:4.081
www.researchguru.net

# અમદાવાદનો સરખેજ નો રોજો ઐતિહાસિક ઈમારત : એક અભ્યાસ

**ડૉ.સુરેશકુમાર સી.પટેલ**

આસીસ્ટન્ટ પ્રોફેસર શેઠ પી.ટી.આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ,ગોધરા ઈતિહાસ વિભાગ

મો : ૯૪૨૬૨૮૨૫૧૯ Email :sureshpatelnss@gmail.com

સરખેજનો રોજો અમદાવાદની સૌથી ભવ્ય, ખુબ સુંદર અને ઐતિહાસિક ઈમારતો માંથી એક છે.વર્ષો પછી કિલ્લો અને મકબરો જર્જરિત અવસ્થામાં નષ્ટપ્રાય થઈ રહ્યો છે. ગુજરાત સરકારે અને પુરાતત્વ વિભાગે સરખેજ ના રોજા નું નવનિર્માણ કયું.હતું. સરખેજ નું મૂળ નામ **'શ્રીક્ષેત્ર'** કહેવાય છે. સરખેજ હજી સુધી એના જુના અવશેષો સાથે અસ્તિત્વ ધરાવે છે. સરખેજ રોજાની આસપાસ ઘણા મકાનોના અવશેષ જોવા મળે છે. જેમાં સુંદર ઈંટકામ, કમાનો, જુદી જુદી જાતની કમાનોની ઈંટ અને ચુના-ક્રોંકીટની રચના તેમજ એના ઉપરનું ઉત્તમ ચુનાનું પ્લાસ્ટર કામ હજીય ઘણા મકાનોને અડીખમ ઉભા રાખી શક્યું છે. આ ગામની પાસે શેખ અહમદ ખટ્ટુ ગંજબક્ષે મુકામ ક્યોં હતો.સરખેજમાં રોજા, મસ્જિદ, મંડપ, મહેલ અને વચ્ચે સુંદર તળાવ છે.સરખેજના રોજામાં સુલતાન અહમદશાહના ગુરુ સંત શેખ અહમદ ખટ્ટુ ગંજબક્ષે સાહેબે નિવાસ કર્યો હતો.સુલતાન અહમદશાહે અસાવલની બાજુમાંનગર વસાવવાનું વિચાર્યું હતું ત્યારેસંત શેખ અહમદ ખટ્ટુ સાહેબની સલાહ લીધી હતી.મસ્જિદની સાથે મક્બરાનો સમાવેશ થયો હોય તેવી ઈમારતને **'રોજો'**કહેવામાં આવે છે. કેટલીકવાર આ શબ્દ એકલા મકબરા માટે પણ વપરાય છે. સંત શેખ અહમદ ખટ્ટુ ગંજબક્ષે સાહેબ ઈ.સ.૧૪૪૬માં જન્નતનશીન થયા ત્યારે સુલતાન મહમૂદશાહે સરખેજમાં એમનો રોજો બાંધવાની શરૂઆત કરી હતી.સુલતાન કુતુબુદ્દીને ઈ.સ.૧૪૫૧માં સરખેજના રોજાનું બાંધકામ પૂર્ણ કયુ હતું.મહમૂદ બેગડાએ આ સંકુલ માં અનેક બાંધકામો કરીનેસમૃધ્ધ બનાવ્યો હતો. સરખેજના રોજાની વિશેષતાએ છે કે આ ઇમારત ઇસ્લામિક પ્રકારે બનાવવામાં આવી છે. જેમાં હિંદુ, જૈન અને પ્રશિયન શૈલીનું મિશ્રણ જોવા મળે છે. જે અન્ય સ્મારકોમાં જોવા મળતું નથી. સરખેજના રોજા બાંધકામ ગોઝાર શૈલી માં કરવામાં આવ્યું છે. સરખેજનો રોજો નું બાંધકામ આઝમ અને મુજાઝમ ખાનનામના બે ફારસી ભાઈઓ એ કયું.હતું. સરખેજ રોજાનું સંકુલ મૂળ સ્વરૂપે ૭૨ એકરમાં ફેલાયેલું હતું. હાલમાં આ સંકુલનો વિસ્તાર ઘટીને ૩૪ એકર જેટલો રહી જવા પામ્યો છે.

સંત શેખ અહમદ ખટ્ટુનો મકબરો:

શેખ અહમદ ખટ્ટુ ઈ.સ.૧૩૪૭માં મક્કાની યાત્રાએ ગયા હતા. મક્કાની હજ્જ પછીગુજરાતના સદભાવને કારણે તેમણે સરખેજમાં મુકામ ર્ક્યો હતો.અમદાવાદની સ્થાપનામાં મુખ્ય ભાગ લેનાર અને હિંદના મુસલમાન સંતોમાં પ્રથમ પંક્તિમાં સ્થાન શોભાવનાર સુપ્રસિદ્ધ સંતશિરોમણી શેખ એહમદ ખટ્ટુ ગંજબક્ષ સાહેબની દરગાહ સરખેજમાં છે. આથી સરખેજ મુસલમાનોમાં યાત્રાના સ્થાન સમાન છે. મુસ્લિમ સંતો, ઓલિયાઓ અને નામાંકિત વ્યક્તિઓની કબર પર કરેલી ઇમારતને **'મકબરો'** કે **'દરગાહ'**તરીકે ઓળખવામાં આવે છે.આમાં મૂળ કબર જમીન માં હોય છે. તેને **'ઝરીહ'** તરીકે ઓળખવામાં આવે છે. જયારે એની ઉપરના ખંડમાં એક નકલી કબર કરેલી હોય છે.મકબરો મોટે ભાગે ચોરસ તલદર્શન વાળી ઘુંમટદાર ઈમારત છે.એમાં કબરવાળા ખંડની ચારે તરફ જાળીઓની રચના છે.સંત શેખ અહમદ ખટ્ટુ ગંજબક્ષે સાહેબ ૧૧૧ વર્ષની ઉંમરે ઈ.સ.૧૪૪૬માં જન્નતનશીન થયા હતા. એ જ સાલમાં સુલતાન મુહમ્મદશાહ બીજાએ એમનો રોજો બનાવવાનો શરૂ ર્ક્યો

હતો. ઈ.સ.૧૪૫૧માં કુત્બુદ્દીને તેનું બાંધકામ પૂર્ણ કર્યું હતું. સંતઅહમદ ખટ્ટુની દરગાહ ૧૦૪ ચોરસ મીટરના ઘેરાવામાં બંધાયેલીછે.ગુજરાતમાંના રોજાઓમાં સરખેજનો રોજો સૌથી મોટો છે.રોજાની વિશેષતા જાળીઓની કલા-કારીગરીમાં છે. રોજાનું પિત્તળનું નકશી કામ ખાસ જોવા જેવું છે.જેમાં જુના સુશોભનોની સાથે નવા ભૌમિતિક સુશોભનો જોવા મળે છે. ઉપરાંત ઇસ્લામના સ્વીકૃત રૂપોની અસર પણ જોવા મળે છે. તેમજ એના ધુમ્મટમાં ઉપરના ભાગમાં ખુલ્લી રાખવામાં આવેલી કોતરણીએ સ્થાપત્યનું આકર્ષણ પણ છે. સરખેજની આ પવિત્ર ભૂમિથી આકર્ષાઈને ઘણા લોકો સરખેજમાં રહેવાનું અને દફન થવાનું પસંદ કરે છે. સલ્તનતના ત્રણ સુલતાનો અને અમીરો શેખ અહમદ ખટ્ટુની દરગાહની છાયામાં સુતેલા નજરે પડે છે.***"આ સંતને આખું જગત નમે છે"***

**સુલતાન મહમૂદ બેગડાની** દરગાહ:

સુલતાન મહમૂદ બેગડોગુજરાતનો સર્વશ્રેષ્ઠ સુલતાન હતો. તેને સરખેજનો રોજો ખુબજ પ્રિય હતો.જ્યાં સંતનો રોજો અને  મસ્જિદ હોય તે સ્થળ સ્વાભાવિક રીતે આકર્ષક હોય છે. સુલતાન મહમૂદ બેગડા પોતાના ઉનાળાના વિરામ સ્થળ તરીકે તેમજ આવા મહાન સંતના સાનિધ્યમાં શાશ્વત વસવા માટે પણ પસંદ કર્યું હતું. સુલતાનો પોતાની હયાતીમાં પોતાનાં  માટે રોજા બંધાવી રાખવાનું પસંદ કરતા હતા. તેને પોતાની દરગાહ શેખ અહમદ ખટ્ટુના રોજાની દક્ષિણે બંધાવી હતી. સુલતાન જ્યારે-જ્યારે સરખેજની યાત્રાએ આવતો ત્યારે પોતાના મકબરાને જોઇને કહેતો કે ***"આ મેહમૂદની છેલ્લી છાવણી છે."***તેને પોતાનો મકબરો ૭૫ x ૭૧ ફૂટના વિસ્તારમાં તૈયાર કરાવ્યો હતો.  જેને આરસની સુંદર અને આકર્ષક કોતરણી સુશોભિત કરવામાં આવેલો છે.મહમૂદ બેગડાએ રોજાને કરેલી જાળીઓ સંત શેખ અહમદ ખટ્ટુના રોજાને મળતી આવે છે. તે ઉપરાંત સુલતાન મુજફ્ફરશાહ બીજો અને મહમૂદ ત્રીજાની કબરો પણ ત્યાં છે. સુલતાનના મકબરાની બાજુમાં જ બેગમ રાજબાઈની કબર બનાવવામાં આવેલી છે. બેગમની કબરની જાળીઓમાં પક્ષીઓની અને શીરોઈની આકૃતિ નોધપાત્ર છે. રાની રાજબાઈની કબરમાં હિંદુ-મુસ્લિમ સ્થાપત્યનું મિશ્રણ સ્પષ્ટ પણે જણાઈ આવે છે. તેની સાથે એની બેગમો માટેના રોજા પણ ત્યાં બનાવેલા નજરે પડે છે.તળાવના નૈઋત્યખૂણે પોતાના માટે અને જનાના માટે મહેલો બંધાવ્યા હતા, જેના થાંબલા હાલમાં જોવા મળે છે. "***સંતોના મકબરા તેમના ભક્તો તેમના અવસાન પછી બંધાવે છે, જ્યારે સુલતાનો પોતાના મુત્યુ પહેલાં પોતાના મકબરા જાતે બંધાવે છે."***

**સરોવર**:

સુલતાન મહમૂદ બેગડાએ મસ્જિદની પાછળ દક્ષિણે અને પશ્ચિમે શેખ અહમદ ખટ્ટુના રોજાની સામેની બાજુ એક વિશાળ સરોવર બનાવડાવ્યું હતું. આ સરોવરની બાંધણી ઘણી બાબતમાં કાંકરિયા તળાવની સાથે મળતી આવે છે. જે ૮૩૦ x ૭૦૦ ફૂટ પહોળું છે.આ સરોવર૧૭ એકર માં ફેલાયેલું છે.સરોવરમાં ઉતારવા માટેના બહુ વ્યવસ્થિત પગથિયાં બનાવવામાં આવ્યા છે.ઉપરાંત ઢોરોને કે પ્રાણીઓને ઉતારવા માટે ઢાળ બનાવેલા છે.સરોવરમાં પાણીના પ્રવેશ માટે ત્રણ સુંદર નાળાની રચના છે. સરોવરમાં હોડીમાં બેસીને ફરી શકાય તેવી યાવસ્થા પણ બનાવવામાં આવેલી છે.સરોવરમાં આવતું પાણી શુદ્ધ થઈને આવે તે માટે પાણી ગાળવાની જાળી રાખવામાં આવેલી હતી. સરોવરની વચ્ચે આવેલી ઉંચી જમીન પરથી એવું જણાઈ આવે છે કે સરોવરમાં આરામ માટે છત્રી પણબનાવવામાં આવી હશે.સરોવરમાનું વધારાનું પાણી બહાર કાઢી નાખવા માટેની સુંદર વ્યવસ્થા બનાવવામાં આવી હતી.

***મસ્જિદ:*** મસ્જિદએ મુસ્લિમોનું નમાજ સ્થાન છે. એના મુખ્ય અંગોમાં લીવાન(મંડપ), મિહરાબ(ગોખ), મીંબર, શાન(ચોક), હોજ, અઝાન વગેરે હોય છે. સરખેજના રોજામાં આવેલી મસ્જિદઈ.સ.૧૪૫૧ની આસપાસ તૈયાર કરવામાં આવી હતી.આ મસ્જિદ અમદાવાદની જુમ્મા મસ્જિદ કરતાં જરાક નાની છે. મસ્જિદોની રચનામાં હિંદુ કે જૈન મંદિરના તૈયાર ભાગોનો ઉપયોગ વધુ થતો હતો.મસ્જિદમાં પથ્થર કોતરવાનું કામ નામ માત્ર નું હતું. મુખ્યત્વે મીહરાબમાં કોતરણી કરવાની જરૂર પડતી હતી.સૌ પ્રથમ સુશોભનનું શિલ્પકામ મીહરાબમાં જોવા મળે છે. મીહરાબના કેન્દ્રીય પ્રતિક તરીકે કમળઅને અમૃતકળશની સુંદર શ્રૃંખલા અને પત્તીઓ સાથેનું રૂપાંકન કરવામાં આવતું હતું. મિહરાબ (ગોખ)માં મુખ્યત્વે પાન અને વેલના રૂપાંકન જોવા મળે છે. મસ્જિદમાં મુલુકખાનું પણ રાખવામાં આવતું હતું.કોઈ પણ સ્થળે શાહી

ખાનદાનના કોઈ સભ્ય દ્વારા મસ્જિદનું બાંધકામ કરવામાં આવતું ત્યારે તેમાં મુલુકખાનું બનાવવામાં આવતું હતું.સલ્તનત સમયમાં ગુજરાતના સુલતાનોએ બંધાવેલીમસ્જિદોમાં પરદા નશીન સ્ત્રીઓ માટે નમાઝ પઢાવાના સ્થાનની જુદી વ્યવસ્થાને મુલુક્ખાનું તરીકે ઓળખવામાં આવે છે.મુલુક્ખાના લીવાનના વાયવ્ય ખૂણામાં નાનાં થાંભલા ઉપર માળવાળું અને જાળીવાળું સુંદર બાંધકામ એ મસ્જિદની વિશેષતા હોય છે. સ્ત્રીઓને મસ્જિદમાં નમાઝ પઢવા માટેઆવવા-જવાની વ્યવસ્થાને મેહરાબ તરીકે ઓળખવામાં આવે છે. મસ્જિદમાં જાળી મહત્વનું અંગ બની ગયું હતું.મસ્જિદમાં જાળીનો ભૌમિતિક સુશોભનનોમાં ખુબ જવિકાસ થયો હતો. જાળી પોતેમસ્જિદનો અગત્યનો ભાગ બની ગયું હતું.આચ્છાદન,સૌંદર્ય અને હવા- ઉજાસ માટે ઉત્તમ ગણાતી હતી. જાળીએ મુલુક્ખાનાના પડદા તરીકે પણ કામમાં આવતી હતી.જાળી શિલ્પએ સલ્તનત સમયમાં ખુબ ખ્યાતી પામ્યું હતું. મસ્જિદમાં ક્યાંક કમાન કે સુશોભન કરેલું નથી.પરંતુ વધારેમાં વધારે માણસો નમાજ પઢી શકે એ માટે ખુબ મોટી મસ્જિદ બનાવવામાં આવી છે. મસ્જિદના તળ ભાગમાં પથ્થર મુક્યા છે.તેના ઉપરની છતમાં લીવાન નું આયોજન કયું છે. જેમાં લીવાનનું માપ ૧૫૦ x ૬૬ ફૂટ હતું. મસ્જિદના લીવાનવાળા બહારનો ભાગ પ્રવેશદ્વારસુંદર દેખાય તેમાટે બારીક કોતરણીકામ કરવામાં આવતું હતું. તેમજ સ્થંભો ઉપર પાટડા ગોઠવવામાં આવ્યા છે તથા ઘુમ્મટના બહારના ઉપલા ભાગમાં કળશ તેમજઅર્ધવર્તુળ ભાગ બનાવવામાં આવેલો છે.મસ્જિદને મીનારાબનાવવામાં આવ્યા નથી. સરખેજના રોજામાં ૧૬ થાંભલા વાળો મંડપ છે. જે હિંદુ કલા શૈલી માં બનાવવામાં આવ્યો હતો.ડૉ.બર્જેસ આ મસ્જિદનેની પ્રશંસા કરતા જણાવે છે કે આ મસ્જિદઆગ્રાની મસ્જિદ કરતાં થોડી ઉતરતી કક્ષાની છે.

***મહેલો:*** સરખેજના રોજામાંમસ્જિદની પાછળ આવેલા સરોવરના સામા કિનારે સલ્તનત સમયના ભવ્ય મહેલો બનાવેલા હતા. જેને બારીકાઈથી જોતા એની બાંધણી પર વિદેશી અસર જણાઈ આવતી નથી. પરંતુઝરુખા અને જાળીઓથી સજ્જ હિંદુ મંદિરનું પુનરાવર્તન માત્ર જણાઈ આવે છે.સરોવરની પાસે હોવાથી મુખ્યત્વે આનંદ-પ્રમોદ માટેના મહેલ હતા. મહેલની વિશેષતા એ છે કે મહેલ માંથી સીધા સરોવરમાં જવાની સુવિધા ઉભી કરવામાં આવીહતી. મહેલ નીચેથી ઘોડાઓને સીધા સરોવરમાં પાણી પીવા માટે લઈ જવાની વ્યવસ્થા બનાવવામાં આવેલી છે. આજે કમનશીબી એ છે કે હાલમાં માત્ર એના અવશેષો જોવા મળે છે.

***સરખેજનો મદ્રેસો:*** સુલતાન મહમૂદ બેગડાએ સરખેજમાં એક મદ્રેસો બનાવડાવ્યો હતો. સુલતાન મહમૂદ અને સુલતાન મુઝફ્ફરના સમયમાં હસન-અલ-અરબઆ મદ્રેસાનો ઉચ્ચ અધિકારી હતો. મદ્રેસાની બાજુમાં વિધાર્થીઓને રહેવા માટે હોસ્ટેલની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.આ હોસ્ટેલ લાંબા સમય સુધી અસ્તિત્વ ધરાવતી હતી. ઈ.સ.૧૯૨૧ સુધી તેના ઓરડાની નિશાનીઓ અસ્તિત્વમાં હતી.

***સરખેજનું પુસ્તકાલય:*** સરખેજમાં શેખ અહમદખટ્ટુનો કાયમી નિવાસ હતો. જેમને પોતાની હયાતીમાં મસ્જિદ, તળાવ અને ખાનકાહ બંધાવ્યા હતા.સરખેજના મદ્રેસાને પોતાનું આગવું પુસ્તકાલયહતું. આ પુસ્તકાલયના સંચાલક અને ગ્રંથકાર તરીકે '**કાઝી અબ્દુરઝ્ઝાક મુબારક અબુલ હઈ**'હતા. તેમને '**લોકો કાઝી બઢ મુબારક**' પણ કહેતા હતા.

આ બધા મકાનો સરખેજને ધર્મ અને કલાનું યાત્રાધામ બનાવે છે. ગુજરાતની સલ્તનત અને સુલતાનોને લોકો ભલે ભૂલી ગયા હશે પરંતુ આજે પણ દર ગુરુવારે અનેક ધર્મપ્રેમી યાત્રાઓ સરખેજ રોજા ની મુલાકાતે આવે છે. એટલે જ કહેવાય છે કે**"સંતો કદી મરણ પામતા નથી."**

**સંદર્ભ ગ્રંથ:**


1. મૌલાના સૈયદ અબુઝફર નદવી, **ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ સલ્તનત અને મોગલકાળ**, અમદાવાદ,૨૦૦૯.
2. રસિકલાલ છોટાલાલ પરીખ અને હરિપ્રસાદગં.શાસ્ત્રી,**ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ**, ,ભો.જે.વિદ્યાભવન, અમદાવાદ, ૧૯૭૭.
3. રત્નમણીરાવજોટે,**"ગુજરાતનું પાટનગર,અમદાવાદ**
4. રત્નમણીરાવજોટે, **ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ, ઇસ્લામયુગ**, અમદાવાદ, ૧૯૫૯.
5. મગનલાલ વખતચંદ, **અમદાવાદનો ઇતિહાસ**, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, ૨૦૦૮.
6. **અમદાવાદનું રેખા દર્શન**, ગુજરાત ઇતિહાસ પરિષદ,૧૩મુ અધિવેશન, રજતજયંતી વર્ષ ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, ૧૯૮૫.
7. ડૉ.છોટુભાઈ ર. નાયક, **મધ્યયુગીન ભારત**, ગુજરાત યુનિવર્સીટી અમદાવાદ ૧૯૬૮.
8. Sarkhej Roja Wikipedia.